વિદ્યા, વિનય, વિચાર, વાણી અને વર્તનનો સમન્વય એટલે...

# પંચશીલ

ક્રિએટીવ સંકુલ દ્વારા સંચાલિત પંચશીલ સ્કૂલનું માસિક

વર્ષ : ૧૧ | અંક : ૧૦૮ | પેઈજ : ૧૨

સંપાદક : ડૉ. ડી.કે. વાડોદરીયા | સપ્ટેમ્બર : ૨૦૨૨ | સંયોજક : યોગીરાજસિંહ જાડેજા

## Happy Teacher's Day




શિવનગર મેઈન રોડ, પી.ડી.એમ. કોલેજ કેમ્પસ, ગોંડલ રોડ, રાજકોટ.
ફોન : (0281) 2382626, મો. : 88 66 11 00 11, 88 66 22 00 22, 88 66 33 00 33
Web : www.panchshilschool.org, Email : admin@panchshilschool.org, panchshilschool2011@gmail.com

# સુખી જીવનનો ઉપાય



અવંતિ નગરી. ક્ષિપ્રા નદીને કિનારો. ત્યાં એક રૂપાળો વડલો. એ વડલા નીચે એક સાધુજી ઉતર્યા છે. ઘણા લોકો જાય છે અને સાધુજીની વાતો સાંભળે છે. નગરમાં એક શેઠ રહે. શેઠને એક દીકરો. તેનું નામ અનુપચંદ. એક દિવસની વાત છે. અનુપ ફરવા નીકળ્યો. નગર બહાર નીકળી ગયો. વડ તળે સાધુને તેણે. જોયા દસ વીસ માણસો પણ બેઠેલા. ત્યાં જઈને અનુપ બેઠો બધા માણસો કંઈ પ્રશ્ન પૂછતા. સાધુજી તેને ઉતર આપતા. પૂછી પૂછીને બધા ચાલ્યા ગયા. અનુપ બેસી રહયો.

સાધુએ પૂછ્યું : ભાઈ, તારે કઈ પૂછવું છે ?

અનુપે પૂછ્યું : મારે માનનીય અને સુખી માણસ બનવું છે.

સાધુજીએ આમતેમ જોયું. લાકડાનો એક ટુકડો પડયો હતો. તે લઈને અનુપને આપ્યો અને કહયુ : જા, આ ટુકડો ચોકમાં દાટજે.

અનુપ તેને લઇ ગયો નગરમાં. ચોકમાં દાટી દીધો. લોકો આવ્યાને ગયા. લાકડાના ટુકડોને ઠોકર મારીને ફેંકી દીધો.

અનુપ પાછો  સાધુજી પાસે ગયો અને વાત કહી કે લોકોએ ઠોકરે ચડાવીને ટુકડાને ધૂળમાં ફેંકી દીધો.

સાધુજીએ એક મોટો લાકડાનો કકડો આપીને કહ્યું કે આજે ઉભો દાટી દેજે. અનુપ ગયો ચોકમાં તે કકડો દાટયો. લોકો આવ્યા ને ગયા કોઈએ લાકડાના કકડાને ઉઠાવીને દૂર ફેંકી દીધો. વળી અનુપે જઇને સાધુજીને તે વાત કરી.

સાધુજીએ મોટું એક લાકડું આપ્યું અને કહયું કે : આ લાકડું ચોકમાં ખોડી દેજે.

અનુપ તે લાકડું લઈ ગયો. ચોકમાં ખોડી દીધુ. તે જોઈને લોકો કહેવા માંડયા કે, મૂરખો લાગે છે. કોઈ કહે કે, ગાંડો હશે. એક માણસે હચમચાવીને લાકડું કાઢી લીધું અને ઉઠાવી ગયો.

અનુપે આ વાત સાધુજીને કહી. હવે સાધુજીએ કહયું કે લાટીમાંથી મોભ જેવું મોટું જાડું લાકડું ચોકમાં ખોડી દે.

અનુપ લાટીમાંથી જાડો મોભ લઈ આવ્યો. મજૂરો પાસે ઉંડો ખાડો કરાવીને લાકડાનો મોભ તેમાં ખોડી દીધો. લોકો એકઠા થઈને જોવા લાગ્યા. કોઈ કહે કે આ નવી જાતનો ખેલ થવાનો હશે. કોઈ કહે કે, ખેલબેલ કંઈ નથી. અહીં ધજા ખોડવાની હશે. કોઇ કહે કે, કોઈ ઠગારો બનાવટ કરતો હશે. તે વિના આવો નકામો થાંભલો શા માટે ઉભો કરે ?

આમ ઘણી વાતો ચાલી. અનુપે જઈને સાધુજીને કહયું.

સાધુજીએ કહયું : હવે ચોકઠામાં સુંદર ચબુતરો બનાવ. તેની ઉપર સુંદર એક સ્થંભ ખડો કરી દે. તેની ટોચ પર એક સુંદર મોર જડાવી દે. અનુપે સફેદ આરસના પથ્થરનો ચબૂતરો ચણાવ્યો. તે જોઈને લોકો કહેવા માંડયા કે કોઈ દયાળુ દાતા સુંદર ચબૂતરો બંધાવે છે.

તે ચબૂતરા વચ્ચે સરસ થંભ ખડો કરી દીધો, તેની ટોચ પર રૂપાળો મોર જડાવી દીધો. નગરના લોક જોવા માટે એકઠા થવા માંડયા. ચબૂતરો જોઈ જોઈને કહે છે કે, વાહ વાહ આનુ નામ ઉદારતા કહેવાય. કેવો સુંદર ચબૂતરો બંધાવ્યો છે. જો ને, કેવો રૂપાળો થાંભલો ખડો કર્યો છે ?

વળી એ થી  ય રૂપાળો મોર જડયો છે. વાહ વાહ આમ જે જૂએ તે વખાણ કરે છે.અનુપે આ વાત સાધુજીને કહી.

સાધુજી બોલ્યા : જો ભાઈ તારે માન, પ્રેમ અને આનંદ મેળવવાં હોય અને સુખથી જીવવું હોય તો રૂપાળા થંભ જેવો થા. લાકડાના કકડા જેવા બનીશ તો ફેંકાઈ જઈશ. મોભ જેવો થઈશ તોય લોકો તને મૂરખો ગણાશે પણ એજ જગાએ રૂપાળો થંભ બનીને ખડો થઈશ તો બધા તારી વાહ વાહ બોલશે. ઉચો થંભ બનાવવા તારે બે જાડા લાકડા લેવા પડયાં તેમ તારા સુખી અને માનનીય થવા માટે એના થાંભલા માટે બે મોડા ટુકડા તારે લેવા પડશે. એનું નામ વિદ્યા અને ધન છે. વિદ્યા વિનાનું ધન નકામું છે અને ધન વિનાની વિદ્યા નકામી છે. એ બંને પૂરેપૂરાં મેળવી લે. તો એ થાંભલો પાકો થયો. વિદ્યા અને ધન કાચાં હશે તો પેલાં લાકડાનો કડકો લોકોએ ધૂળમાં દાટી દીધો. તેમ તારીય કશી કિંમત થશે નહી. પણ વિદ્યા પાકી હશે ધન પૂરે પૂરું હશે તો બધા તારા વખાણ કરશે, પણ તેને માથે સુંદર મોર નહીં હોય તો થાંભલો બાંડો લાગશે. માથા વિનાના ધડ જેવો દેખાશે. એ મોર તે ઉદારતા છે. ધન હોય, વિદ્યા હોય પણ ઉદારતા ન હોય તો સ્વાર્થી અને મલાઈ દાનજી જેવા માખણિયા માણસો નમતા આવશે, પણ બધા લોકો પ્રેમથી નમશે નહી. પણ ઉદારતા હશે તો બધા વાહ વાહ બોલશે. પણ બીજી એક વાત યાદ રાખજે કે થાંભલો ઉભો કરવા માટે ધૂળમાં ખાડો ખોદવો પડે. નાનામાં નાની મજૂરી કરવી પડે છે. તેમ ધન અને વિદ્યા માટે નાનામાં નાનું કામ કરતા કદી લજાવું નહી, કામથી કદી થાકવું નહી. સમજ્યો ? સુખી જીવનનો એ ઉપાય છે.અનુપ પગે લાગ્યો.

સાધુજીએ આશીષ આપ્યા.

અનુપે મહેનતથી પેઢીનું કામ કરવા માંડ્યું.

જાડેજા મેઘરાજસિંહ આર., ધો. ૩

# શ્રીકૃષ્ણ જન્મોત્સવ


























## નોલેજ કોર્નર



## : કવાર્ટ્ઝ :
## ઘડિયાળમાં વપરાતો અજાયબ પથ્થર




આધુનિક ઘડિયાળોમાં ઉપયોગમાં આવતાં કવાર્ટ્ઝ એક જાતનાં ખનીજ પથ્થર છે. કે જે ઝીણા સ્ફટિક રૂપે મળે છે. સાદી ભાષામાં ચોકકસ પ્રકારની રેતીના કણ પણ કહી શકાય. આ કણ એક વિશિષ્ટતા ધરાવે છે. અંગ્રેજીમાં તેને પીઝેઇલેક્ટ્રીક પદાર્થ કહે છે અને તેને વીજપ્રવાહ આપો ત્યારે તે ધ્રુજે છે. ધ્રુજારી સંખ્યા ચોકકસ પ્રમાણમાં હોય છે. કવાર્ટ્ઝનો કણ કરંટ વડે વહે ત્યારે સેંકડની ૩૨,૭૬૮ વખત કંપે. આ સંખ્યા દરેક વખતે એક સરખી જ રહે છે. કવાર્ટ્ઝની આ ખૂબીનો ઉપયોગ વિજ્ઞાનીઓએ ઘડિયાળમાં કર્યો છે. એટલે કવાર્ટ્ઝ ઘડિયાળ કદી આગળ પાછળ થતી નથી. અને હંમેશા ચોકકસ સમય દર્શાવે છે.

ડાભી હર્ષિતા સી., ધો. ૪

## આવુ તો આજે જ જાણ્યું ?



- સિંહની ગર્જના ૫ કિ.મી. દૂર સુધી સંભળાય છે.
- લીમડાના એક વૃક્ષનું આયુષ્ય ૧૫૦ થી ૨૦૦ વર્ષનું હોય છે.
- અરબી ભાષામાં ઉંટ માટે એક હજારથી પણ વધારે શબ્દ છે.
- જાપાનમાં એક ઝાડ એવું છે કે જેમાંથી સૂરજ આથમવાના સમયે ધુમાડો નિકળે છે.
- હાથી વધારેમાં વધારે ચારથી પાંચ કલાક ઉંઘી શકે છે.
- ભારતમાં લક્ષદ્વિપ એક જ એવો વિસ્તાર છે કે જ્યાં એક પણ હિન્દુ મંદિર નથી.
- પતંગિયાની લગભગ ૨૦,૦૦૦ જેટલી જાતી છે.
- આંખો ખૂલી રાખીને તમે છીંક ના ખાઇ શકો.
- દુનિયામાં ગુલાબના ફૂલની કુલ ૭૯૨ જાતો છે.
- સૌપ્રથમ સાયકલ ભારતમાં ૧૮૯૦ માં બની હતી.
- બ્લુટૂથની શોધ ૧૯૪૨માં સ્વીકીશ કંપનીએ કરી હતી.
- માનવીના શરીરમાં રહેલી તમામ માંશપેસીઓમાં ફકત જીભ જ એવી માંશપેસી છે. જે બંને છેડે બંધાયેલી નથી.
- પૃથ્વી પર લગભગ ૧૫૦૦ સક્રિય જ્વાળામુખી છે.

બાબીયા સ્વેની સી., ધો. ૩

## દુનિયાનો સૌથી ઊંચો જળધોધ : એન્જલ ધોધ

આ દુનિયામાં એવી કેટલીય વસ્તુ છે જેને જોઇને પ્રકૃતિની કરામત માટે ગર્વ થઇ જાય, પૃથ્વી ઉપર ઘણી જગ્યા એવી છે જેની પ્રાકૃતિક રચના વૈજ્ઞાનિકો માટે પણ આશ્ચર્યનો વિષય છે. કરોડો વર્ષો પહેલા પૃથ્વી ઉપર ઉલ્કાપાત થયો તે પહેલા પૃથ્વી કેવી હતી તેના અવશેષો ઉપરથી વૈજ્ઞાનિકો માત્ર અનુમાન જ લગાવી શકે છે. પણ ઉલ્કાપાત બાદ અમુક જગ્યાએ કુદરતી સુંદરતાનો જે અખૂટ ખજાનો સજાર્યો છે તે આહલાદક છે. એમાનો એક છે સુંદરતાથી ભરપૂર પ્રાકૃતિક વારસો એટલે વેનેઝુએલાનો એન્જલ ધોધ.



એન્જલ ધોધ દુનિયાનો સૌથી ઊંચો જળધોધ છે. જેની ઊંચાઇ ૩૨૧૦ ફૂટ છે. જયારે ઊંડાઇ ૨૬૫૦ ફૂટ છે. આ ધોધ વેનેઝુએલાના બોલિવર રાજયના ગ્રાન સબાના ક્ષેત્રમાં આવેલો છે. આ ધોધ ઓયનટુપોઇ પહાડ ઉપરથી પડે છે. આ ધોધની ઊંચાઇ ખૂબ વધારે હોવાથી તે નીચે પડે તે પહેલાં જ થોડું પાણી બાષ્પ બની જાય છે તો થોડું પાણી હવાનાં કારણે બીજે બધે ઊડે છે.

ગઢિયા પ્રાચી બી., ધો. ૩



















**૭૫ માં સ્વાતંત્ર્યદિનની શાળામાં ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી.**

કેટલી આશ્ચર્યની વાત છે કે લોકો જિંદગી વધારવા માગે છે, પણ સુધારવા નથી માગતા.

## શરીરનો રાજા : મગજ



પ્રાણી પક્ષીઓમાં મગજ શરીરનું સંચાલન કરનાર મુખ્ય અવયવ છે. જટિલ રચના અને કાર્યપદ્ધતિ ધરાવતું મગજ વિવિધ પ્રાણી પક્ષીઓમાં જરૂરિયાત મુજબ સંદેશાવ્યવહાર દ્વારા શરીરનું સંચાલન કરે છે. મનુષ્યનું મગજ સૌથી વધુ ક્ષમતા ધરાવતું અને બુધ્ધિશાળી છે. માણસના મગજમાં અબજો જ્ઞાનકોશો હોય છે. આ જ્ઞાનકોશો ઉંમર વધે તેમ નાશ પામતા હોય છે. અને નવાં બનતા નથી. મગજનો ૬૦ ટકા સફેદ ભાગ વિચારવાનું અને ૪૦ ટકા ભૂખરો ભાગ સંદેશાવ્યવહારનું કામ સંભાળે છે. મગજનો સંદેશાવ્યવહાર માણસના મગજનું વજન તેના શરીરના લગભગ બે ટકા જેટલું હોય છે. મગજ નાનું હોવા છતાંય શરીરને મળતાં કુલ ઓક્સિજનનો ૨૦ ટકા હિસ્સો વાપરે છે.

ડાભી જયદીપ એમ., ધો. ૪

## વિશ્વનું સૌથી મોટું માલવાહક વિમાન : એન્ટોનોવ



વિશ્વના સૌથી મોટા વિમાન બોઈંગ વિશે તમે સાંભળ્યું હશે પરંતુ આ પ્રવાસી વિમાન કરતાંય મોટું વિમાન છે. એન્જિનિયરિંગની અજાયબી કહેવાય તેવું જંગી એન્ટોનોવ-૨૨૫ માત્ર માલસામાનની હેરફેર માટે જ વપરાય છે. આ વિમાન છ લાખ કિલોગ્રામ વજનનો સામાન લઈને ૪૮૦૦ કિલોમીટરની સળંગ મુસાફરી કરી શકે છે.

રશિયાના આ વિમાનના અન્ય આંકડાં પણ અધધ... છે. એન્ટોનોવની લંબાઈ ૮૪ મીટર છે. પાંખોનો ઘેરાવો ૮૮.૪ મીટર છે અને ઉંચાઈ ૧૮.૧ મીટર. તેનું કુલ વજન ૨,૮૫,૦૦૦ કિલોગ્રામ છે. આ તોતિંગ વિમાન કલાકના ૮૫૦ કિલોમીટરની ઝડપે ઉડે છે.

કયાડા કૌશલ એ., ધો. ૫

## અંતરિક્ષની અજાયબી



સૂર્યમાળાનો સૌથી મોટો જ્વાળામુખી મંગળ ઉપર છે. આલિમ્પસ મોન્સ નામનો આ જ્વાળામુખી ૨૭ કિલોમીટર ઊંચો અને. ૬૦૦ ચોરસ કિલોમીટરના વિસ્તારમાં ફેલાયેલો છે.

- બ્રહ્માંડમાં સૌથી વધુ ઘનતા ધરાવતો પદાર્થ ન્યુટ્રોન સ્ટાર છે. ન્યુટ્રોન સ્ટારના એક ચમચી જેટલા દ્રવ્યનું વજન પૃથ્વી જેટલું થાય.
- ૧૯૮૬ માં અવકાશમાં હેલીનો ધૂમકેતુ જોવા મળ્યો. ધૂમકેતુ નિયમિત ભ્રમણ કરતાં હોય છે અને પૃથ્વી પર નિયત સમયે દેખાતાં હોય છે. હેલીનો ધૂમકેતુ હવે ૨૦૬૧માં જોવા મળશે.
- પૃથ્વી પર સૂર્યમાંથી પ્રકાશ અને ઊર્જા આવે છે. પૃથ્વી પર આજે આવેલી ઊર્જા સૂર્યના પેટાળમાંથી ૩૦૦૦૦ વર્ષ પહેલાં નિકળેલી છે. સૂર્યના કેન્દ્રમાંથી નિકળતી ઊર્જાને સપાટી સુધી આવતાં હજારો વર્ષ લાગે પરંતુ સપાટી પરથી બહાર ફેલાતી ઊર્જા પૃથ્વી પર માત્ર આઠ મિનિટમાં પહોંચી જાય છે.
- સૂર્યમાળાની બહાર પણ કેટલાક ગ્રહો છે. વિજ્ઞાનીઓએ આવા ગ્રહ ઉપર માનવજીવનની શકયતા અંગે સંશોધનો કર્યા છે. તેમાં સુપર અર્થ તરીકે ઓળખાતો ગ્રહ પૃથ્વી કરતાં ચાર ગણો મોટો છે. પરંતુ તે શેનો બનેલો છે તે જાણી શકાયું નથી.

રાખેચા હર્ષાલી એસ., ધો. ૬

## વિવિધ પ્રકારના રેસા અને રાસાયણિક પ્રક્રિયા

આપણે સૌ જાણીએ છીએ કે રેશમ, રૂ અને શણ આ ત્રણ કુદરતી રેસા છે.પણ તમને ખબર છે મિત્રો, આવા કુદરતી રેસા પર રાસાયણિક પ્રક્રિયા કરીને તેને કૃત્રિમ રેસામાં ફેરવવામાં આવે છે. પછી આપણે રોજબરોજની કેટલીય ચીજવસ્તુમાં તેનો ઉપયોગ કરીએ છીએ. આવા કુદરતી રેસા પર રાસાયણિક પ્રક્રિયા થાય એટલે તે નાઈલોન, એક્રિલિક અને ટેરેલિન જેવા માનવનિર્મિત- કૃત્રિમ રેસા બને. રાસાયણિક પ્રક્રિયાથી કૃત્રિમ રેસાને સાવ પાતળા અને તાંતણા સ્વરૂપના બનાવી શકાય. હવે આગળ જોઈએ કે નાઈલોન, ટેરેલિન અને એક્રિલિક રેસામાં શું ફરક છે નાઈલોન દેખાવમાં રેશમ જેવું હોય. તે મજબૂત સખત અને પાણી અવરોધક છે. કાર્પેટ, મોજાં, દોરી - દોરડાં, માછલી પકડવાની જાળ તેમજ પેરાશૂટનું કાપડ ઉપરાંત ઘણા બધામાં નાઈલોનનો ઉપયોગ થાય છે. એક્રિલિકના રેસા ઉન જેવા હોય. સ્વેટર, શાલ અને ધાબળા બનાવવામાં એક્રિલિકનો ઉપયોગ કરવામાં આવે છે. ટેરેલિન રેસા પાણીનું શોષણ કરતા નથી. તેથી આ રેસામાંથી બનેલા કપડાં ધોયા પછી ઝડપથી સૂકાઈ જાય છે. સાડી, શર્ટના કાપડ, બારી-બારણાના પડદા, વહાણોના સઢ, પાણીની પાઈપ બનાવવામાં આ રેસા વપરાય છે.

જાડેજા શુભરાજસિંહ એન., ધો. ૬





ધો. ૭ થી ૯ ની વિદ્યાર્થિની બહેનો માટે ઓસમ હિલ ખાતે પિકનીકનું આયોજન કરવામાં આવ્યું હતું.






ધો. ૧ થી ૬ ના વિદ્યાર્થીઓ માટે શાળામાં લંગડી દોડ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું.
જેમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.




શાળામાં વિદ્યાર્થીઓ માટે રાખડી સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું.

# લિફ્ટનો શોધક એલિશા ગ્રિવ્સ ઓટિસ



બહુમાળી મકાનોમાં લિફ્ટ એ જાણીતું સાધન છે. લિફ્ટ વિના બહુમાળી મકાનો શક્ય નથી. લિફ્ટનો ઈતિહાસ બહુ જુનો છે. બે હજાર વર્ષ પહેલા આર્કિમિડિઝે લિફ્ટની શોધ કરી હોવાનું મનાય છે. ૧૭મી સદીમાં યુરોપમાં બહુમાળી મકાનોમાં દોરડા બાંધેલી ઓઇલ એન્જિનથી ચાલતી લિફ્ટ હતી. આજે ઉપયોગમાં આવે છે તેવી વીજળી વડે ચાલતી સલામત લિફ્ટની શોધ એલિશાગ્રેવ્સ ઓટિસ નામના એન્જિનિયરે ઇ.સ ૧૮૫૨માં કરેલી.

ઓટિસનો જન્મ અમેરિકાના વર્મોન્ટમાં હેલિફેક્સ શહેરમાં ઇ.સ ૧૮૧૧માં થયો હતો. તે બહુ ભણ્યો નહોતો પરંતુ જાત જાતના યંત્રો બનાવવામાં નિપુણ હતો. ૨૦ વર્ષની ઉંમરે તે ઘર છોડીને વેગન ડ્રાઈવર તરીકે જોડાયો ત્યારબાદ વર્મોન્ટ હિલમાં લાકડા વહેરવાની સો મિલ શરૂ કરી.



સો મિલના ધંધામાં ફાવટ ન આવતાં ઓટિસ ન્યૂયોર્ક ગયો અને રમકડા બનાવવાની ફેક્ટરીમાં જોડાયો જાતજાતના રમકડાં બનાવીને પ્રસિદ્ધ થયો. તેણે એક રોબોટ બનાવ્યો, આ રોબોટ પલંગની ફ્રેમ જાતે બનાવી શકતો. ફેક્ટરીના માલિકે ખુશ થઇને ઓટિસને મોટું ઇનામ આપ્યુ આ રકમમાંથી ઓટિસે પોતાની ફેક્ટરી સ્થાપી તેમાં ઓટોમેટિક બ્રેડ બેકિંગ મશીન તેમજ ટ્રેન માટે વિવિધ પ્રકારની બ્રેક બનાવી. ત્યારબાદ ધંધાના વિકાસ માટે ન્યૂજર્સી ગયો. ત્યાં લાકડા વહેરવાની મિલ અને પલંગ બનાવવાની ફેક્ટરી સ્થાપી.ઇ.સ.૧૮૫૧ માં તેણે માલસામાન ચઢાવવા માટે લિફ્ટ બનાવી. આ લિફ્ટને સલામત બનાવી બહુમાળી મકાનોમાં માણસો માટે વાપરવાલાયક બનાવી. ઇ.સ ૧૮૫૭માં ન્યૂયોર્ક બ્રોડ તે બિલ્ડિંગમાં ઓટિસે બનાવેલી પ્રથમ લિફ્ટ ઉપયોગી બની. આ લિફ્ટ સ્ટીમ એન્જિન વડે ચાલતી. ઓટિસની ઘણી લિફ્ટ વેચાવા માંડી. ઇ.સ. ૧૮૬૧ની એપ્રિલની આઠમી તારીખે તેનું અવસાન થયું હતું.

શિક્ષકો, વિદ્યાર્થીઓ તથા વાલીશ્રીઓએ પણ આ મેગેઝીનમાં સ્વરચિત રચનાઓ (કવિતા, વાર્તા વગેરે) કે પોતાના વિચારો રજૂ કરવા માટે આવકારવામાં આવે છે.
યોગ્ય કૃતિ કે વિચારને સ્થાન મળશે. મેગેઝીનમાં કૃતિ કે વિચાર પ્રકાશિત કરવા માટે આખરી નિર્ણય સંપાદકનો માન્ય ગણાશે.

PANCHSHIL SCHOOL

ORGANIZED

# SCIENCE PROJECT EXHIBITION - 2022
































## બાળક માટે માતા-પિતા કેવું-કેવું યોગદાન આપી શકે ?



સંસ્કાર એક એવી અમૂલ્ય મૂલ્યવાન ભેટ છે. તેને ખરીદી શકાતા નથી. તેને તો સમજી તેમજ અનુભવી શકાય છે. તે એક જીવન જીવવાની બિરાદરી છે. તે માનવતાની મૂરત છે, તે વ્યકિતના જીવનની સૂરત છે. આવા શું સંસ્કારો બાળકને માતા-પિતા, પરિવાર,શિક્ષક,ઘર,શાળાને આજુબાજુના વાતાવરણને આધિન પ્રાપ્ત થતાં હોય છે. સારા મિત્રો પાસેથી પણ સુસંગના સંગરૂપે પ્રદાન થાય છે.

ઉમદા હૃદયપૂર્વક માતૃત્વ પ્રેમ એક બાળક માટે તો સિતાર સમાન હોય. વણતોળી ભૂખમાં પણ એક કણમાં અમીનો ઓડકાર આવી જાય. જ્યાં માતા-પિતા સમંદર છે, ત્યાં બાળક હરગિજ મોતી જ પાકે ? જો કાકરા ગોતવા જઈએ તો આવા બાળકના હાથમાં હીરા જ આવે.

સુસંસ્કારો માત્ર નહીં પરંતુ તે સમજ ક્ષણિક વૈચારિક પણ હોવા જરૂરી ઉપર યુકત તમામ સંસ્કારો બાળકમાં સિંચન કરવા માટે માતા-પિતાએ પ્રાથમિક વાતાવરણ સજ્જ કરવું જરૂરી તેમજ પોતાએ સજ્જ બની સજ્જ રહેવું જરૂરી આ માટે માતા-પિતાએ શું કરવું જોઇએ.

બાળકના જીવનમાં સંસ્કારો આપવા સિધ્ધાંત શોધવામાં ધ્યાન કેન્દ્રિત કરવા પર આધારિત હોય જેટલી પોતાની અપેક્ષા તેનાથી અધિક કાર્ય કરવું જરૂરી. એક માતા-પિતા હોવાના નાતે આપણે બાળક માટે એક ઉદાર અને સમજદાર બની બાળક માટે આદર્શ માતા-પિતા બનવાની જવાબદારી પર ખુદને કેન્દ્રિત કરી પરિસ્થિતિને સુંદર આકર્ષક બનાવવા આપણે ખુદને જ શ્રેષ્ઠ બનાવવા રહ્યા. બાળકનો દષ્ટિકોણ બદલવાના પ્રયત્ન કરતાં પહેલાં પોતાનો દષ્ટિકોણ બદલવો યોગ્ય.

કંઈક મેળવવા પોતાએ શિસ્તબધ્ધ બનવું જરૂરી. બાળકોમાં સંસ્કારોનું સિંચન કરવા તેમજ આજ્ઞાંકિત બનાવવા તેને કેટલાક સિધ્ધાંતોનું પાલન કરવું અનન્ય પરિવર્તન સ્વપ્રેરિત હોવાથી તેના માટે પોતે તેમજ બાળકને ખુશ રહેવું જરૂરી ? સૌ પ્રથમ વ્યવહારમાં પોતાનામાં પહેલા ડોકિયું કરવું ઝીણી-ઝીણી ભૂલોની બાદબાકી કરવી. નાનુંય અસત્ય કાર્ય બાળકને જાણતા ના કરવું. પરિવારના વડીલો સાથે શુધ્ધ વ્યવહાર રાખવો.



જે કાંઇ કરવું તે વિશ્વાસ પૂર્વક દિલથી હાર્ડ-વર્ક કરવું. ૧૦૦ ટકાએ સત્ય છે કે માતા-પિતાની સો શિક્ષક સમાન ગણના હોય તો તેના મૂલ્યને સમજવું હિતાવહ. આપણું હૃદય એ જ બાળકનું હૃદય, બાળક એજ આપણે અને આપણે એજ બાળક.

બાળકોના મિત્રની ખરાઇ કરી સદાચારી મિત્ર એટલે કે કમળ, નહીં કે કાદવ પસંદ કરવો. શેરી વાતાવરણમાં પણ માતા-પિતાનો હિસ્સો હોવો ખરો. બાળકની શાળાની મુલાકાત સમય - સમયે કરતી રહેવી જરૂરી. તેમજ આજના સમયમાં આધુનિક ટેકનોલોજીનો બાળક આડો-અવળો ઉપયોગ ના કરી લે, તે સંસ્કારોનું ધોવાણ કરી નાખે છે. તે માતા-પિતાની આંખ સામે રહેવું પણ જરૂરી છે. આ ઉપરાંત ઘરમાં ટીવી હોય. કેવા-કેવા દ્દશ્યો જોવા તેમજ કેટલો સમય તેની ફાળવણી કરી બંધારણ બાંધવું જરૂરી. કાળજીપૂર્વક જાગૃત અવસ્થામાં રહી દરેક બાબતનું માપદંડ નક્કી કરવું ને પાલન કરવું તે ખૂબ જ અગત્યનું હોવાથી ધ્યાન આપવું.

જેટલા પ્રયત્નો વાતાવરણને સજ્જ કરવા આદરીએ તેટલા ઓછા જ છે. કારણ કે બાળકનું ઘડતર, જડતર, ભણતરનું ચણતર વાતાવરણમાંથી સુસુપ્ત રીતે બાળકમાં સંગ્રહતાતું જાય છે. બાળક અનુકરણથી સંસ્કારો, સુટેવો, સમજ વગેરે પ્રાપ્ત કરે છે. નહીં કે તેને બોધ પાઠ આપવાથી.

માતા-પિતા બાળક પ્રત્યેની જેટલી લાગણી અનુભવે છે. તેનાથી વધારે યોગદાન આપવું તેની ફરજ હોય. માતાનું જો માધુર્ય જેટલું જ મધુર તેટલું જ બાળકમાં સંસ્કારોનું અંકુર ફૂટવાનું વિશેષ મધુર આકર્ષણ. મા એટલે સર્વસ્વ.

કરૂણા અને માનવ સેવાની મહાનતાના સંસ્કારો માતા-પિતા દ્વારા જ પ્રાપ્ત થાય છે. જયારે માતા-પિતા તંબુર બનતા હોય છે ત્યાં બાળક તેનો તાર બની જાય હો. આવા બાળકો પરિવારની અસ્મિતા તેમજ સનલાઇટ બને છે. બાળક માટે તો સંસ્કારો, વર્તન, નર્તનની મુડી જ જિંદગીનું ભાથું છે. જેણે સંસ્કારો તેમજ ગુણોનો હૃદયમાં રસ-રંગ ભર્યો છે તે એક દિવસ દેશનું કરોડરજ્જું બનશે.

# શ્રીકૃષ્ણ જન્મોત્સવ























PANCHSHIL SCHOOL

ORGANIZED

# SCIENCE PROJECT EXHIBITION - 2022















